ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૨૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૩૫ ટકા

# શહેરમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી

## વિવિધ શાળા-કોલેજો-સામાજિક સંસ્થાઓ-સોસાયટીઓ દ્વારા મહિલાઓનુ સન્માન કરી વિશ્વ મહિલા દિવસ ઉજવાયો

**શહેરમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. વિવિધ શાળા-કોલેજોમાં તથા સામાજિક સંસ્થાઓ અને સોસાયટીઓમાં મહિલાઓના સન્માન કરીને વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.**

### ● જે.એમ. ચૌધરી

જે.એમ. ચૌધરી શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાસભામાં વિશ્વની પ્રખ્યાત મહિલાઓની ગાથા વક્તવ્ય તથા ગીતો દ્વારા રજૂ કરી દરેક યશસ્વી મહિલાને માન-સન્માન મળે તે માટે મહિલા દિનની ઉજવણી કરી હતી. જેમાં ડ્રેસકોડ પણ રાખવામાં આવ્યો હતો. શાળાના નોટિસ બોર્ડ પર મહિલાઓને શુભેચ્છા પાઠવતા કાર્ડ લગાવ્યા હતા. આ કાર્યક્રમ આચાર્યા રમીલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં સંચાલન સુપરવાઈઝર દ્વારા કરવામાં આવ્યું હતું.

### ● બ્રહ્માકુમારીઝ, સે. ૨૮

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, શિવશક્તિ ભવન, સેક્ટર-૨૮ ખાતે મહિલા સશક્તિકરણ વિષય પર સ્નેહમિલનમાં



સંસ્થાના મુખ્યાલય માઉન્ટઆબુથી પધારેલા ઉષાદીદીએ મુખ્ય વક્તવ્ય આપ્યું હતું. નિવૃત્ત આઈજીપી ભગિની મીરાબેન રામનિવાસ, સેક્ટર-૫ના નગરસેવક હેમાબેન, સોનાલીબેન તથા દીપિકાબેન, ગીતાબેન ખુમાણ, રાજયોગીની કૈલાશદીદી, હર્ષાબા ધાંધલ સહિત ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ભારતમાતા, ઝાંસીકી રાની, મધર ટેરેસા, કલ્પના ચાવલા, પ્રતિભા પાટિલ, મીરાંબાઈની વેશભૂષાના માધ્યમથી યાદ તાજી કરાવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ૧૨૫ જેટલી મહિલાઓને ફોર્ચ્યુન ઓનલાઈન તરફથી ૧૦૦ રૂપિયાનું ગિફ્ટ વાઉચર એનાયત કરવામાં આવ્યું હતું.

### ● ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ



મહિલા દિવસની ઉજવણીમાં બાળકોએ વિવિધ કલા પ્રવૃત્તિ દ્વારા નૃત્ય, વક્તૃત્વ, ગીત અને નાટક દ્વારા ઉજવણી કરી હતી. જેમાં શાળાના ટ્રસ્ટી અને આચાર્યએ મહિલા દિવસની શુભેચ્છા પાઠવી હતી.

### ● રેડિયન્ટ સ્કૂલ



સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલમાં શાળા મેનેજમેન્ટ દ્વારા સંસ્થામાં કાર્ય કરતા શિક્ષક, એડમિન, ડી સ્ટાફ એમ તમામ મહિલા કર્મચારીઓને સન્માન પત્ર અને બોલપેન આપ્યા હતા. સંસ્થાના પ્રમુખ પી.એમ. વામજા, આચાર્ય જે.બી. વામજા તેમજ હેડ કો. ઓર્ડીનેટર ગજ્જરભાઈએ નારીઓનું પરિવાર, સમાજ અને દેશમાં મહત્વ ઉપરાંત તેમની ત્યાગ અને બલિદાનની ભાવનાને ઉજાગર કરતી બાબતો વિષે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

### ● સરસ્વતી વિદ્યાલય



સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ વેશભૂષા ધારણ કરીને મહાન મહિલાઓ ઝાંસીની રાણી, ઈન્દિરા ગાંધી, સુષ્મા સ્વરાજ તેમજ સુનીતા વિલિયમ્સ, લતાજી જેવા પાત્રો ભજવ્યા હતા. શાળાના આચાર્ય આશાબેન દેસાઈએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

### ● સરસ્વતી વિદ્યાલય, સે. ૬

સરસ્વતી વિદ્યાલયમાં શાળાના શિક્ષિકા મધુબેને વિશ્વ મહિલા દિવસની જાણકારી આપી હતી. શાળાના સહકર્મચારી ભાવનાબેને વિદ્યાર્થીઓ માનસિક અને શારીરિક રીતે મજબૂત બનીને જીવનમાં



ઉદભવતી સમસ્યાઓનો સામનો કરી સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ આપી હતી.

### ● સ્વામિનારાયણ પોલિટેકનિક




સ્વામિનારાયણ પોલિટેનિકમાં વિદ્યાર્થીઓએ ડાન્સ, નાટક, માઈમ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. તથા કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્ત્રી સશક્તિકરણ અંતર્ગત રંગોળી, આર્ટ એન્ડ ક્રાફ્ટ, રમતો જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓનો આ દિવસ યાદગાર બનાવવા માટે સેલ્ફી ઝોન પણ ઉભો કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### ● બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ



બાપુ કેમ્પસમાં ફેઈસ પેઈન્ટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓએ વુમન વોરિયર્સ થીમ પર પેઈન્ટિંગ કરીને અલગ અલગ મેસેજ આપ્યા હતા. આ કાર્યક્રમમાં કેમ્પસની વુમન ડેવલપમેન્ટ સેલના પ્રમુખ પ્રો. કીનલ પટેલ અને સમગ્ર કોલેજની મહિલા કર્મચારીઓએ ફાળો આપ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા અને ડાયરેક્ટર પ્રો. રવિકુમારે અભિનંદન પાઠવ્યા હતા.

### ● સિદ્ધાર્થ લો કોલેજ

સિદ્ધાર્થ લૉ કોલેજના વિદ્યાર્થીઓએ મહિલાઓના અધિકારની માહિતી આપી હતી. કોલેજમાં આ નિમિત્તે વિસરાયેલી રમતો જેવી કે સંગીત ખુરશી, લીંબુ ચમચી, ખો-ખો જેવી રમતો રમાડવામાં આવી હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ તથા કોલેજના મહિલા સ્ટાફે રસપૂર્વક ભાગ લીધો હતો.

### ● ફૂડ એન્ડ ડ્રગ ઓફિસ, સે-૧૦



ફૂડ એન્ડ ડ્રગ ઓફિસ દ્વારા તમામ મહિલાઓએ ભેગા થઈ કેક કાપી આ દિવસની ઉજવણી કરી હતી.

### ● એ.વી.વી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ

સ્કૂલ તરફથી દરેક બાળકની માતા તથા શિક્ષક વચ્ચે એક સેતુ બની રહે તે હેતુથી શિક્ષકો તથા મમ્મીઓનું સાથે સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં બધી જ મમ્મીઓને સુંદર મજાનો મેકઅપ કરી, હેર સ્ટાઈલ કરી, સ્ટેજ પર્ફોમન્સ કરવામાં આવ્યું હતું. તથા ગેમ્સ રમી પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા.

### ● શ્રેયસ સોસાયટી, સે. ૨૨



વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સોસાયટીની બહેનોએ ગેમ્સ રમીને ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી. જેમાં સંગીત ખુરશી, લીંબુ ચમચી જેવી ગેમ્સ રમીને સોસાયટીની મહિલાઓએ સાથે મળીને આ દિવસની ઉજવણી કરી હતી. જેમાં સંગીત ખુરશીમાં અને લીંબુ ચમચીમાં વિજેતા થયેલી બહેનોને ઈનામ વિતરણ કરી આ કાર્યક્રમની સમાપ્તી બાદ આઈસક્રીમની પાર્ટી કરીને કરવામાં આવી હતી.

# ગ્રંથાલય ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૮

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે તેમજ આઝાદી પર્વની ઉજવણીના ભાગરૂપે રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ઉજવણીનો હેતુ ગુજરાતમાં પણ મહિલાઓને પુરુષ સમોવડીય સ્થાન મળે તેમજ વિશ્વ મહિલા દિવસની ઉજવણીને સાર્થક કરવા માટે આ સંસ્થા ખાતે સ્પીપાના મહિલા વ્યાખ્યાતા તેજલબેન કંડોરીયાએ હાજર રહી મહિલાઓને ભારતના બંધારણની સમાનતા, ન્યાય, સ્વતંત્રતાના મૂલ્યોને ધ્યાનમાં રાખી સામાજિક વ્યવસ્થામાં મહિલાઓનું રક્ષણ અને મહિલાઓના ઉત્કર્ષ તેમજ સમાજમાં તેમને સમાન સ્થાન પ્રાપ્ત થાય તથા મહિલાઓ પુરુષ સમોવડી બને અને તેમને વિવિધ અધિકારો મળે તે અંગેનું વ્યાખ્યાન રજુ કરવામાં આવ્યું હતું. તેમજ વ્યાખ્યાતા ડૉ. સ્વપ્નિલભાઈ મહેતાએ મહિલાઓ પોતાના હક માટે જાગૃત બને અને મહિલાઓને અન્યાય ન થાય તે માટે જાગૃત થવા આહવાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં મહિલાઓનો અમૂલ્ય ફાળો રહ્યો છે.મહિલાઓ પણ ભારતની




આઝાદીની ચળવળમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમના બલિદાનની તથા ભારતના ઈતિહાસમાં પણ નોંધપાત્ર રહી છે.

આ કાર્યક્રમમાં ગ્રંથાલય નિયામક શ્રી ડૉ. પંકજભાઈ ગોસ્વામીએ પણ મહિલાઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની રૂપરેખા આપેલ અને મહિલાઓને નારીશક્તિ અંગેની પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ પ્રસંગે મદદનીશ ગ્રંથાલય નિયામક શ્રી જે.એમ.લેઉવા, ગ્રંથપાલ ગોવિંદભાઈ રાવળ અને મદદનીશ ગ્રંથપાલ ચંપાબેન પરમાર હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી કાર્યક્રમ નિહાળેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા રાજય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે કોબા ખાતે મહિલા પ્રશિક્ષણ શિબિર યોજાઈ

## ૧૦૦ થી વધુ જરૂરીયાતમંદ મહિલાઓએ ભાગ લઈ સિલાઈ તથા એબ્રોઈડરીના વર્ગોમાં તાલીમ મેળવેલ



ગાંધીનગર, તા. ૮

આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે કોબા ગામ ખાતે પ્રયોશા મહિલા ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્ય કક્ષા, ગાંધીનગરનાં સહયોગથી મહિલા પ્રશિક્ષણ શિબિર તથા તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૦૦ થી વધુ જરૂરીયાતમંદ મહિલાઓએ ભાગ લઈ સિલાઈ તથા એબ્રોઈડરીના વર્ગોમાં તાલીમ મેળવેલ. પ્રયોશા ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન શ્રી લક્ષ્મીબેન જોષી, તથા પૂર્વ કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તથા પ્રશિક્ષક શ્રી હર્ષિદાબેન દ્વારા મહિલાઓને સધન તાલીમ આપી પગભર થવાં પ્રશિક્ષિત કર્યા હતા. આ પ્રસંગે મુખ્ય્ મહેમાન તરીકે જાણીતા એડવોકેટ શ્રી અશ્વિનભાઈ ત્રિવેદીએ મહિલાઓના કાયદાઓની સમજ આપી મહિલાઓને પગભર થવાં સલાહ આપેલી. શ્રી સુનિલભાઈ ત્રિવેદી દ્વારા મહિલાઓ માટેનાં ગૃહઉદ્યોગોની સરકાર દ્વારા આપવામાં આવતી સહાયની વિસ્તૃત જાણકારી આપવામાં આવેલી. આ પ્રસંગે બ્રહ્મ અગ્રણી કલ્પેશ જોષી તથા મનિષભાઈ જાની ઉપસ્થિત રહી પ્રોત્સાહન આપ્યું હતું.

# સાબરમતી યુનિવર્સિટીમાં વિશ્વ મહિલા દિવસની અનોખી ઉજવણી



ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સ્થિત સાબરમતી યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ખાસ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું. આજની મહિલાઓ કોઈપણ ક્ષેત્રમાં પાછળ નથી અને આજની સમાજ વ્યવસ્થામાં મહિલાઓ પણ પુરુષને બરાબર સ્થાન મેળવી રહી છે તે એક ગર્વની વાત છે તેવામા આ વખતે 'જેન્ડર ઈક્વાલિટી ટુડે ફોર અ સસ્ટેનેબલ ટુમોરોહ્યની થીમ આધારિત મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથી તરીકે ગુજરાત યુનિવર્સિટીના માસ કોમ્યુનિકેશન અને જર્નાલિઝમ વિભાગના અધ્યક્ષ ડો. સોનલ પંડ્યા તેમજ ગેસ્ટ ઓફ ઓનર સી.યુ.શાહ યુનિવર્સિટી, સુરેન્દ્રનગરના અસોસિએટ પ્રોફેસર ડો. ગીતા કિરણકુમાર શાહ રહ્યા હતા. પ્રસંગોચીત પ્રવચનમાં ડો. સોનલ પંડ્યાએ ખાસ તો પુરુષ અને મહિલા વચ્ચે ભૂતકાળમાં થતા ભેદભાવ અને આજના સમાજમાં મહિલાઓ સહેજ પણ અલગ નથી તેવી વાત જણાવી હતી. પુરુષ અને મહિલાઓ માત્ર શરીરથી જ અલગ છે બાકી કોઈપણ કાર્ય કે ક્ષેત્ર એવું નથી જ્યાં પુરુષો હોય અને મહિલાઓ ન હોઈ શકે તેવું તેમણે ઉમેર્યું હતું. તો બીજી તરફ મહિલાઓ આજે જે લેવલ પર ઉભી છે તે ખરેખર ગર્વની વાત હોવાનું ડો. ગીતા શાહે જણાવ્યું હતું. તેમણે મહિલા સશક્તિકરણની વાત પર ખાસ ભાર મૂક્યો હતો.

મહિલા દિવસની ઉજવણી નિમિત્તે સાબરમતી યુનિવર્સિટી દ્વારા ખાસ ન્યૂઝલેટર બહાર પાડવામાં આવ્યું જે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ખૂલ્લું મૂકવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડો. જ્યોત્સના તેમજ ડો. નેન્સી જૈન તેમજ અન્ય વિભાગના ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રો-વોસ્ટ ડો. એમ.એમ.પટેલ તેમજ અન્ય તમામ વિભાગના ડીન તેમજ પ્રોફેસર ઉપસ્થિત રહ્યા હતા.

# ઈન્ડિયન પ્લાઝમા રિસર્ચ દ્વારા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી




ગાંધીનગર, તા. ૮

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ઈન્ડિયન પ્લાઝમા રિસર્ચ દ્વારા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત આઈપીઆરના સભ્યોએ સાથે મળીને સમગ્ર કેમ્પસની સ્વચ્છતા કરી હતી.

આ પખવાડિયા દરમિયાન અમદાવાદ ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ક્વિઝ રાખવામાં આવી હતી. સ્લોગન સ્પર્ધા અને વિડીયો મેકીંગ સ્પર્ધા યોજાઈ હતી અને સૌ વિજેતાઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વચ્છતા પખવાડિયાના અંતિમ દિવસે આઈપીઆરના કર્મચારીઓ ત્રણ કિલોમીટર ચાલીને સમગ્ર માર્ગની સફાઈ કરી હતી. સમગ્ર વર્ષ દરમિયાન પણ સમયાંતરે આ સ્વચ્છતા અભિયાન ચાલુ રહેશે.

## જન્મદિને વધામણી



જય પંચોલી
ધી ટ્રાવેલ નેટવર્ક
મો. ૮૯૦૫૩ ૬૨૯૩૧



દર્પી ઘનશ્યામભાઈ પટેલ
મો. ૯૯૨૫૦ ૪૯૦૧૮

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઝાલા મદનસિંહ દિલીપસિંહ, ઉ.વ. ૭૧, સેક્ટર-૭
- સ્વ.પ્રજાપતિ સેંધાભાઈ માધાભાઈ, ઉ.વ. ૮૩, આમજા, માણસા
- સ્વ.ભીમાણી જસમતભાઈ મોતીભાઈ, ઉ.વ. ૭૧, સેક્ટર-૨
- સ્વ.ઠક્કર બચુલાલ ખીમજીભાઈ, ઉ.વ. ૭૮, પેથાપુર
- સ્વ.પંડ્યા માધવલાલ શિવરામ, ઉ.વ. ૮૯, સેક્ટર-૨
- સ્વ.સોની કોકીલાબેન કનુભાઈ, ઉ.વ. ૫૪, પેથાપુર